# સુરત મહાનગરપાલિકા

## જાહેરાત

ધી એપ્રેન્ટીસ એકટ–૧૯૬૧ હેઠળ સુરત મહાનગરપાલિકામાં નીચે જણાવેલ જુદાં જુદાં ટ્રેડોમાં નિયત લાયકાત ધરાવતાં ઉમેદવારો પસંદ કરવા માટે તા.૦૧/૦૬/૨૦૨૬ (સમય : સવારે ૧૧:૦૦ કલાક) થી તા.૧૦/૦૬/૨૦૨૬ (સમય : રાત્રે ૧૧:૦૦ કલાક) સુધીમાં ઓનલાઈન અરજી મંગાવવામાં આવે છે.

| ક્રમ | એપ્રેન્ટીસ ટ્રેડનું નામ | સંખ્યા | સ્ટાઈપેન્ડ | શૈક્ષણિક લાયકાત |
|---|---|---|---|---|
| 1 | ઈલેકટ્રીશયન / વાયરમેન | 80 | 10560/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 2 | ફીટર | 20 | 10560/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 3 | ડ્રાફટસમેન (સીવીલ) | 20 | 10560/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 4 | સર્વેયર | 20 | 10560/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 5 | મીકેનીક (મોટર વ્હીકલ) | 05 | 10560/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 6 | મીકેનીક રેફ્રીજરેશન એન્ડ એર કન્ડીશનીંગ | 05 | 10560/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 7 | મીકેનીક ડીઝલ | 10 | 10560/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 8 | હેલ્થ સેનેટરી ઈન્સ્પેકટર | 150 | 9600/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 9 | કોમ્પ્યુટર ઓપરેટર એન્ડ પ્રોગ્રામીંગ આસીસ્ટન્ટ | 180 | 9600/- | આઈ.ટી.આઈ. ટ્રેડ પાસ. |
| 10 | મેડીકલ લેબ. ટેક. (પેથોલોજી) | 40 | 12300/- | ધો.૧૨ (કેમેસ્ટ્રી,ફીઝીકસ,બાયોલોજી વિષય સાથે) + બી.એસ.સી |
| 11 | એકાઉન્ટ આસીસ્ટન્ટ | 160 | 12300/- | બી.કોમ (એમ. કોમ ઉમેદવારને અગ્રીમતા આપવામાં આવશે.) |
| 12 | ડોમેસ્ટીક ડેટા એન્ટ્રી ઓપરેટર v2.0 | 170 | 12300/- | બી.એ. / બી.સી.એ |
| 13 | માઈક્રો ફાઈનાન્સ એકઝીકયુટીવ | 120 | 12300/- | બી.કોમ / બીબીએ |
| 14 | પી.આર.આસીસ્ટન્ટ | 20 | 12300/- | માસ કોમ્યુનીકેશન / જર્નાલીઝમ એન્ડ માસ કોમ્યુનીકેશન / બી.એ. (જર્નાલીઝમ એન્ડ માસ કોમ્યુનીકેશન) |
| | કુલ | 1000 | | |

લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાતની સૂચનાઓ તેમજ ઓનલાઈન અરજી ફોર્મ ભરવાની સુચનાઓ વાંચીને ત્યારબાદ જ ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ વિગત માટે રીક્રુટમેન્ટ વિભાગના ફોન નં.૦૨૬૧–૨૪૨૩૭૫૧–૫૬ (એક્ષ્ટેન્શન–૨૩૧) ઉપર સંપર્ક કરવો.

## –: એપ્રેન્ટીસ ઉમેદવારો માટે સામાન્ય સુચનાઓ :–

(૧) એપ્રેન્ટીસશીપ તાલીમનો સમયગાળો સરકારશ્રીની વેબસાઈટ ઉપર જનરેટ થયેલ કોન્ટ્રાકટ મુજબનો રહેશે. એપ્રેન્ટીસશીપનો સમયગાળો પુર્ણ થયેથી તુરંત છુટા કરવામાં આવશે.

(૨) સુરત મહાનગરપાલિકામાં એપ્રેન્ટીસ તરીકે અરજી કરતા પહેલા સૌ પ્રથમ દરેક ઉમેદવારે https://apprenticeshipindia.gov.in પોર્ટલ ઉપર એપ્રેન્ટીસ તરીકે રજીસ્ટ્રેશન કરી એપ્રેન્ટીસ પ્રોફાઈલની વિગતમાં ફરજિયાત eKYC અપડેટ કરવાનું રહેશે.

(૩) ઉમેદવારે https://apprenticeshipindia.gov.in પોર્ટલ ઉપર એપ્રેન્ટીસ તરીકે રજીસ્ટ્રેશન કરી eKYC તથા એપ્રેન્ટીસની પ્રોફાઈલની વિગત અપડેટ કર્યા બાદ જ https://www.suratmunicipal.gov.in/Information/Recruitment ઉપર જઈ ઓનલાઈન અરજી કરવાની રહેશે.

(૪) ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષ થી ઓછી અને ૩૪ વર્ષ કરતા વધારે હોવી જોઈએ નહી.

(૫) જે તે ટ્રેડની જરૂરી લાયકાત મુજબ એક કરતા વધુ ટ્રેડમાં અરજી કરી શકાશે.

(૬) અગાઉ કોઈપણ ટ્રેડમાં એપ્રેન્ટીસશીપ પુર્ણ કરેલ હોય તો ઓનલાઈન કોન્ટ્રાકટ જનરેટ થતા ન હોવાથી તેવા ઉમેદવારોએ અરજી કરવી નહી.

(૭) ડોકયુમેન્ટ વેરિફીકેશન માટેની તારીખ તથા જરૂરી સુચનાઓ અરજી ફોર્મમાં દર્શાવેલ મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ પર જાણ કરવામાં આવશે. જેથી ઓનલાઈન અરજી કરતાં સમયે મોબાઈલ નંબર તથા ઈ–મેઈલ એડ્રેસ સાવચેતી પુર્વક દર્શાવવાના રહેશે. ઈ–મેઈલ કે મોબાઈલ નંબર બદલાઈ જવાથી ભવિષ્યમાં ઉપસ્થિત થનાર પરિસ્થિતિ માટે સુરત મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહી.

(૮) ડોકયુમેન્ટ વેરીફિકેશન સમયે એપ્રેન્ટીસ ઉમેદવારે અરજી ફોર્મ તથા અરજીમાં જણાવેલ તમામ ડોકયુમેન્ટ ઓરીજીનલ તથા ડોકયુમેન્ટની સ્વ–પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

(૯) ડોકયુમેન્ટ વેરીફિકેશનમાં ગેરહાજર રહેલ ઉમેદવારની ઉમેદવારી રદ ગણવામાં આવશે.

(૧૦) આ જાહેરાત કોઈપણ કારણસર રદ કરવાની થાય અથવા કોઈ કેડર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થાય તો સુરત મહાનગરપાલિકાની એપોઈન્ટમેન્ટ ઓથોરીટીને સંપુર્ણ હકક/અધિકાર રહેશે અને આ માટે કોઈ કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

(૧૧) લાયક ઉમેદવારના અરજી ફોર્મ તથા પ્રમાણપત્રોની ચકાસણી દરમ્યાન કોઈ ઉમેદવાર એપ્રેન્ટીસ એકટ તથા જાહેરાતની જોગવાઈઓ મુજબ લાયકાત ધરાવતાં ન હોવાનું માલુમ પડશે <u>અથવા</u> જરૂરી પ્રમાણપત્રો વગરની માલુમ પડશે <u>અથવા</u> અરજી અને અસલ પ્રમાણપત્રો સાથે વિસંગતતા જણાશે તો તેમની ઉમેદવારી કોઈપણ તબકકે રદ કરવામાં આવશે.

(૧૨) એપ્રેન્ટીસશીપનો સમયગાળો પૂર્ણ થયા પહેલા જો કોઈ ઉમેદવાર એપ્રેન્ટીસશીપ છોડી જાય તો તેઓનો કોન્ટ્રાકટ ટર્મીનેટ કરવામાં આવશે.

(૧૩) એપ્રેન્ટીસોને મળવા પાત્ર સ્ટાઈપેન્ડ સરકારશ્રીના વખતોવખતના નિતી–નિયમોને આધિન રહેશે.

**સહી/–**
**ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર (ડી)**
**સુરત મહાનગરપાલિકા**

નં.પીઆરઓ/૪૮/૨૦૨૬–૨૭
સુરત. તા.૨૫/૦૫/૨૦૨૬